# વિજયનગરની પોળોનું કામણ અપ્સરાની જેમ ખીલ્યું

## પ્રવાસીઓનો ધસારો : શનિ-રવિની રજામાં હજારો પ્રવાસી ઉમટ્યા, પોલીસે માંડ ૩૦ પ્રવાસીઓ પાસે માસ્કનો દંડ વસુલ્યો






બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

ચોમાસાના આરંભ સાથે સાબરકાંઠાનું પ્રાકૃતિક ઘરેણું ગણાતી વિજયનગરની પોળોનું કામણ સ્વર્ગની અપ્સરા જેવું ખીલતાં દૂર દૂરથી પ્રવાસીઓ ઉમટવા લાગ્યા છે. શનિ-રવિની રજાઓમાં પોળો સ્થળે હજારો પ્રવાસીઓ ઉમટી પડતાં કોરોના સંક્રમણની ભીતી વ્યક્ત થઈ છે. પર્યટક સ્થળે કોવિડ-૧૯ના નિયમોનું કડકાઈથી પાલન કરવાની સરકારની સૂચના છતાં ૨ દિવસમાં સ્થાનિક પોલીસે માત્ર ૩૦ પ્રવાસીઓએ માસ્ક ન પહેરતાં રૂા.૩૦,૦૦૦નો દંડ વસુલી સંતોષ માન્યો છે. પોળોમાં પ્રાકૃતિક સૌંદર્યની સાથે ૧૫મી સદીના પૌરાણિક સ્થાપત્યો પ્રવાસીઓને આકર્ષિ રહ્યા હોવાથી વર્તમાન સમયમાં પોળો પ્રવાસીઓમાં ફેવરીટ પર્યટક સ્થળ બની રહ્યું છે.

પોળો એટલે સૌંદર્યનો, સ્થાપત્યોનો, હરખ અને હરિયાળીનો ખજાનો..દર વર્ષે ચોમાસાની સીઝનમાં પોળોના પ્રવાસે આવી પ્રવાસીઓનું હૃદય પુલકીત થઈ જતું હોય છે. પોળોના વિકાસ પાછળ સરકારે કરોડો રૂપિયાનું આંધણ કર્યુ હોવા છતાં હજુય પર્યટક સ્થળે પાયાગત સુવિધાઓની ઉપણ સ્પષ્ટ દેખાય છે. દૂરથી આવતા પ્રવાસીઓ માટે ખાનગી રીસોર્ટ તૈયાર થઈ રહ્યા છે. પરંતુ અન્ય પ્રવાસીઓ માટે નિઃશુલ્ક સુવિધાઓનો અભાવ સ્પષ્ટ વર્તાઈ રહ્યો છે. પ્રવાસન ઉદ્યોગને વેગ આપવાની ઉંચી દોડમાં પીવાના પાણીની સગવડ, પોળો સાઈટ વિસ્તારમાં જાહેર શૌચાલયો પણ તંત્ર ઉભાં કરવામાં અસમર્થ લાગી રહ્યું છે. હાલમાં પ્રવાસની સીઝન શરૂ થઈ છે જેના કારણે વિજયનગરની પોળો રજાઓમાં પ્રવાસીઓથી ઉભરાઈ રહી છે. પોળો સ્મારક સ્થળે કામકાજ ચાલુ હોવાની સાથે કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર કહેવાતો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં શનિ-રવિની રજાઓમાં પોળો સ્થળે દૂર દૂરથી પ્રવાસીઓ વાહનો લઈને ઉમટી પડતાં ઈડર થી વિજયનગર જતા માર્ગ ઉપર ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. પ્રવાસીઓના ધસારામાં કોરોનાના નિયમોનો ઉલાળીઓ થયો હોવા છતાં પોલીસે માત્ર કહેવા પૂરતી ખાનાપૂર્તિ કરી ફરજીયાત માસ્ક મુદ્દે દંડ વસુલી સંતોષ માન્યો છે.

# ઉત્તર ગુજરાતમાં કોરોનામાં પડી ભાંગેલા પોલ્ટ્રી ફાર્મ ધમધમ્યાં

## સંક્રમણ ઘટતાં પોલ્ટ્રી ઉદ્યોગે રફતાર પકડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

ઉત્તર ગુજરાતમાં કોરોનાના કપરા કાળમાં પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગ પડી ભાંગ્યો હતો પરંતુ હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી પોલ્ટ્રી ઉદ્યોગે તેજ રફતાર પકડી છે. ૫ જિલ્લામાં પોલ્ટ્રીના ધંધા ઠપ્પ થઈ જતાં અસંખ્ય પોલ્ટ્રીફાર્મના સંચાલકોને લાખો રૂપિયાનો ફટકો પડ્યો હતો. ૨૦૦ થી વધુ પોલ્ટ્રીફાર્મોને તાળાં મારવાનો વારો આવતાં નાના ફાર્મર દેવામાં ડૂબી ગયા હતા પરંતુ હવે ચોમાસાની સીઝનમાં પોલ્ટ્રી ઉદ્યોગ ધમધમતો થયો છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પશુ વ્યવસાયની જેમ પોલ્ટ્રી ઉદ્યોગ સતત વિકસી રહ્યો છે. કોન્ટ્રાક્ટ ફાર્મિંગ દ્વારા આ ઉદ્યોગને વિકાસની તક મળી પરંતુ માર્ચ-૨૦૨૦માં કોરોનાનું સંક્રમણ શરૂ થતાં ફરજીયાત લૉકડાઉન અને ત્યાર પછી પણ સ્થિતિ થાળે ન પડતાં ઉત્તર ગુજરાતમાં અસંખ્ય પોલ્ટ્રી ઉદ્યોગોને તાળાં વાગી ગયાં હતાં. જ્યારે કોરોનાના કપરા કાળ વચ્ચે મરઘાંના શંકાસ્પદ મોતમાં બર્ડફ્લુની દહેશત સતાવતી હોવાથી મરઘાંનું વેચાણ ઠપ્પ થઈ ગયું હતું. બજારમાં પણ ચિકનની માંગ ઘટી હતી જેથી માત્ર પોલ્ટ્રી ફાર્મ ઉપર નભતા સંચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો પરંતુ હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી તમામ વિસ્તારોમાં કોરોના કાળમાં ભાંગી પડેલા પોલ્ટ્રી ફાર્મો ધમધમતાં થયાં છે. ચોમાસાની વર્તમાન સીઝનમાં વ્યવસાયે તેજ રફતાર પકડી છે. પોલ્ટ્રી ફાર્મરોને કોરોનાના કારણે લાખોની ખોટ સહન અગાઉ કરવી પડી છે પરંતુ હવે કોન્ટ્રક્ટ ફાર્મિંગમાં સતત વધારો થઈ રહ્યો છે. ચોમાસાની સીઝનમાં નોનવેજ અને ચાઈનીઝ લારીઓ ઉપર પણ ચિકનની વધુ માંગ શરૂ થતાં પોલ્ટ્રી ફાર્મરો માટે હાલ તો અચ્છે દિનની શરૂઆત થઈ છે તેવું લાગી રહ્યું છે.

## હિંમતનગરની ફાર્મસી કોલેજનું ગૌરવ

હિંમતનગર, તા. ૩

કેળવણી મંડળ સંચાલિત એપીએમસી ફાર્મસી કોલેજ, હિંમતનગરનો



વિદ્યાર્થી મન પંકજકુમાર મહેતાએ GTU ની સેમિસ્ટર ૭ની ૨૦૧૯ માં લેવાયેલ પરીક્ષામાં ૧૦ માંથી ૯.૦ SPI પ્રાપ્ત કરેલ છે તેમજ GTUની સેમિસ્ટર ૮ની ૨૦૨૦માં લેવાયેલ પરીક્ષામાં ૧૦ માંથી ૯.૦૯ SPI મેળવી કોલેજમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી કોલેજનું અને મંડળ નું ગૌરવ વધારેલ છે, કોલેજના પ્રિન્સિપાલ ડો.વી.એમ.પટેલ તથા સ્ટાફ મિત્રોએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી છે, મનના પિતા શ્રી પી.જે.મહેતા છેલ્લા ૨૪ વર્ષથી બાયોલોજી ટીચર તરીકે શ્રી હિંમત હાઈસ્કુલ, હિંમતનગરમાં ફરજ બજાવે છે.

# અરવલ્લીમાં રખડતાં ઢોર બાદ કૂતરાંનો આતંક

## ૬ મહિનામાં ૩૬૦૦ લોકોને કૂતરાં કરડ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રખડતાં ઢોર પછી હવે કૂતરાંનો આતંક અસહ્ય થઈ પડ્યો છે. ચોમાસાની સીઝનમાં ખાસ કરીને શહેરી વિસ્તારોમાં કૂતરાંની સમસ્યા વધી છે છેલ્લા ૬ મહિનામાં જ ૩૬૦૦ લોકોને કૂતરાં કરડ્યાં હોવાની વિગતો બહાર આવી છે. શહેરી વિસ્તારોમાં પાલિકા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જવાબદાર તંત્ર આ મુદ્દે ગંભીર ન હોવાથી પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. કેટલાક ગામડાઓમાં તો ચોક્કસ ઈસમો વાહનમાં અન્ય જગ્યાએથી કૂતરાં ભરી ઉતારી ગયાની વિગતોને સમર્થન મળતું હોય તેમ કૂતરાંનાં ટોળેટોળાં ફરવા લાગ્યાં છે. જ્યારે શહેરી વિસ્તારમાં પણ ઢોરની સાથે રખડતું કૂતરાંએ આતંક મચાવ્યો છે.

જિલ્લામાં રખડતા ઢોર પકડી પાંજરા પોળમાં મોકલવામાં પાલિકા તંત્ર સદંતર નિષ્ફળ રહ્યા પછી હવે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કૂતરાંની સંખ્યામાં કુદકે ને ભૂસકે વધારો થતો હોવા છતાં ખસીકરણની કામગીરી વિચારવાનો સમય આવી ગયો છે. શહેરી વિસ્તારોમાં માર્ગો ઉપર રખડતાં ઢોરના કારણે વાહન ચાલકો તેમજ રાહદારીઓ પરેશાન બની ગયા છે. વર્તમાન ચોમાસાની સીઝનમાં ત્રાસ વકર્યો છે તેમાંય હવે કૂતરાંથી સાવધ રહેવું પડે તેવી સ્થિતિ છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા સહિતના વિસ્તારોમાં આશ્ચર્યજનક રીતે રખડતાં કૂતરાંની સંખ્યામાં ધરખમ વધારો થયા પછી ડૉગ બાઈટના કિસ્સા વધ્યા છે. જિલ્લામાં માત્ર ૬ મહિનાના ગાળામાં ૩૬૦૦ લોકોને કૂતરાં કરડતાં હડકવા વિરોધી રસી લેવી પડી છે. આગામી સમયમાં તંત્ર દ્વારા કૂતરાંના વસતી વિસ્ફોટને અંકુશમાં મૂકવા માટે ખસીકરણ શરૂ કરવામાં નહીં આવે તો દરરોજ કૂતરાં કરડવાના બનાવોમાં ધરખમ વધારો થવાની દહેશત વ્યક્ત થઈ છે.

# ધનસુરાના આકરુન્દ ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અનાજ વિતરણ





ધનસુરા, તા. ૩

ધનસુરાના આકરુન્દ ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત આકરુન્દ ખાતે વિનામુલ્યે અનાજ નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ૩.૫ કિલો ઘઉ અને ૧.૫ કિલો ચોખા મળી ૫ કિલો અનાજ નું વિતરણ કરવામાં આવ્યું હતું રાજ્યના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૩.૫ કિગ્રા ઘઉ અને ૧.૫ કિગ્રા ચોખાનું વ્યાજબી ભાવની દુકાનો પરથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં આકરુન્દ ના સરપંચ લલીતાબેન પટેલ,ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ પટેલ,ધનસુરા તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ,જિલ્લા પંચાયતના સદસ્ય કાળીબેન રબારી, આકરુંદ ગ્રામ પંચાયતના સદસ્ય રાકેશભાઈ પટેલ ધનસુરા ભાજપના પૂર્વ મહામંત્રી વિનોદભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

# બનાસકાંઠામાં ચોમાસાની સીઝનમાં નદી નાળા કોરા ધાકોર...!!!

## જિલ્લામાં વરસાદ હાથ તાળી આપતા ખેડૂતો ચિંતાતુર : અપૂરતા વરસાદને લઈ જિલ્લામાં પાણીની સમસ્યા સર્જાવાની દહેશત



પાલનપુર, તા. ૩

બનાસકાંઠામાં ચોમાસાની સિઝનમાં વરસાદ ખેંચાતા જિલ્લાના નદી નાળા માં નવા નીર ન આવતા અને વરસાદ હાથ તાળી આપતા ખેડૂતો ચિંતિત થઈ ઉઠ્યા છે જેમાં જીવાદોરી સમાન બનાસ,સિપુ બાલારામ સહિતની નદીઓ અને નાળા હાલ ચોમાંસાની રૂતું કોરા ધાકોર હોઈ જિલ્લામાં અપૂરતા વરસાડથી અને પાણીના તળ ઉંડા જવા ને લઈ જળ સંકટ સર્જાવા ની દહેશત વર્તાઈ રહી છે

બનાસકાંઠા જિલ્લામાં અષાઢી માહોલ વચ્ચે વરસાદ હાથ તાળી આપી રહ્યો હોઈ અને અપૂરતા વરસાદથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે જોકે વાદળછાયા વાતાવરણમાં ઝરમરિયો વરસાદ વરસતા ચોમાસુ પાક સુરક્ષિત છે, પરંતુ શિયાળુ અને ઉનાળુ પાક નિષ્ફળ જવાના એંધાણ વર્તાઈ રહ્યા છે જેમાં બનાસકાંઠાની જીવાદોરી સમાન બનાસ નદી દર વર્ષે આ સમયે બંને કાંઠે વહેતી હોય છે પરંતુ ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા હજુ બનાસ સહિત ની નદીઓમાં નવા નીરની આવક ન થતા જિલ્લાના નાના મોટા જળાશયો ના તળિયા દેખાઈ રહ્યા છે જોકે જિલ્લા માં મેઘો મન મૂકીને નહિ વરશે તો ભૂગર્ભ જળ સ્તર ઊંડા જવા થી જળ સંકટ સર્જાવા ની દહેશત વર્તાવા લાગી છે

# પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શિક્ષણ બચાઓ અભિયાન અંતર્ગત વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

## પ્રજાલક્ષી મુદ્દાઓને લઈને કોંગ્રેસ પક્ષના વિવિધ કાર્યક્રમો યોજાશે

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ તેમજ પાલનપુર તાલુકા કોંગ્રેસ સમિતિ અને શહેર કોંગ્રેસ સમિતિના શિક્ષણ બચાવો કાર્યક્રમમાં સરકારના વિરોધમાં વિરોધ રૂપી રેલી યોજવામાં આવી હતી.આ વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા સુશાસન ના પાંચ વર્ષ ની ઉજવણીના ભાગરૂપે ૧- ઓગસ્ટ થી ૯- ઓગસ્ટ દરમ્યાન વિવિધ કાર્યક્રમો આપવામાં આવ્યા છે.જેની સામે કોંગ્રેસ પક્ષ દ્વારા પણ આ નવ દિવસ દરમ્યાન પ્રજાલક્ષી મુદ્દાઓને લઈને વિવિધ કાર્યક્રમો આપવામાં આવ્યા છે.જેમાં આજે પ્રથમ દિવસે પાલનપુર ની જી.ડી.મોદી કોલેજ બહાર એકત્ર થયેલા કોંગ્રેસના ધારાસભ્યો સહિત જિલ્લાના આગેવાનો અને કાર્યકરોએ સરકારની નિષ્ફળતાઓ સામે સૂત્રોચ્ચારો પોકારી વિરોધ દર્શાવ્યો હતો.બાદમાં રેલી યોજી હતી જે દરમ્યાન કૉન્ગ્રેસના કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.




જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશ ગઢવીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પ્રજા હેરાન થઈ રહી છે.અને સરકાર સુશાસન ની ઉજવણી કરી રહયુ છે.ત્યારે કોન્ગ્રેસ પ્રજાલક્ષી મુદ્દાઓ જેવા કે શિક્ષણ બચવો,આરોગ્ય બચાવો,અન્ન અધિકાર, મહિલા સુરક્ષા, ખેડૂત - ખેતી બચાવો, બેરોજગારી હટાવો, વિકાસ ખોજ,જન અધિકાર,સામાજિક ક્રાંતિ જેવી બાબતોને લઈને અભિયાન શરૂ કર્યું છે.જેમા સરકારની નિષ્ફળતાઓને લઈને વિરોધ કરવામાં આવી રહ્યો છે.

**દિનેશ ગઢવી - પ્રમુખ, જિલ્લા કોંગ્રેસ-બનાસકાંઠા**

આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી,પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ,દાંતાના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી,જિલ્લા પંચાયત પ્રમુખ વારકીબેન પારગી,સેનજીભાઈ દેલવાડીયા,રવિરાજ ગઢવી,પિનલબેન ઠાકોર,સવદાનજી ઠાકોર,અંકિતા ઠાકોર સહિત જિલ્લા અને તાલુકાના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ જોડાયા હતા.

# મુડેટી સસ્તા અનાજની દુકાનમાં અન્ન યોજના કાર્યરત અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ

નેત્રામલી, તા. ૩

ઈડર તાલુકાના મુડેટી ગામની સસ્તા અનાજની દુકાનમાં તા ૩/૮/૨૦૨૧ ના રોજ મુડેટી ગામના સરપંચ મીનાબેન પટેલ અને મુડેટી શાળા નં.૧ના મુખ્ય શિક્ષક કપીલાબેન પટેલ અને મુંડેટી ગામના ઉપ સરપંચ દીનેશ ચંદ્ર દેસાઈની હાજરીમાં અન્નોત્સવ કાર્યક્રમ નિમિત્તે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકોને વિનામૂલ્યે અનાજનુ વિતરણ કરવામાં આવ્યું હતુ અને બાયસેગ ઉપર લાઈવ




કાર્યક્રમ બતાવવામાં આવ્યો આ કાર્યક્રમનુ આયોજન મુડેટી સસ્તા અનાજના સંચાલક એમ.કે.ભાભી ધ્વારા કરવામાં આવ્યું હતુ.

## જન્મદિને વધામણી



રૂહી ધવલ(જેકી) પટેલ
બાયડ



માનવી જીગ્નેશકુમાર પંચાલ
દખણેશ્વર, તા.બાયડ



ભક્તિ પ્રિતમભાઈ પટેલ
(નારાયણનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



ખ્યારા ચિંતનકુમાર પટેલ
ધનસુરા(વલ્લભવિદ્યાનગર)



દક્ષ સુનિલકુમાર રાઠોડ
(લાખેશ્વરી વિસ્તાર)
બાયડ, જિ.અરવલ્લી



ડૉ.અશોકભાઈ રાવલ
(નિવૃત્ત જિલ્લા રમત-ગમત અધિકારી, સાબરકાંઠા)
ગાંધીનગર



વિકાસ શાહ
સાઠંબા, તા.બાયડ



રોશનકુમાર એસ. પટેલ
(વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી